<u>ફોજદારી કેસ નં.૪૮૧૨૧/૨૦૨૫</u>

**અમદાવાદ (રુરલ)ના આઠમા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં**

**આંક –**

ફરીયાદી : શ્રી સ ર કા ર

વિ રૂ ધ્ધ.

આરોપી : અર્જુનભાઈ અંગનુ ચૌહાણ

**<u>ગુન્હો :– ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબ</u>**

(૧) ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધ ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ રાખેલ છે.

(૨) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવેલ સ્થળે અને સમયે અને તારીખે પોતાના કબજાનું વાહન નશો કરેલી હાલતમાં બેદરકારીભરી રીતે ચલાવી આવી પકડાઈ જઈ ગુનો કરેલ છે.

(૩) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપી આજરોજ કોર્ટમાં હાજર થતા તેઓની પ્લી લેવામાં આવતા તેમાં તેઓએ ગુન્હાનો ઈકરાર કરેલો છે અને તેઓએ અલગ કબુલાત પુરશીશ રજુ કરતા નોંધી, તે વંચાણે લેતાં આરોપીએ સ્વૈચ્છાપૂર્વક ગુન્હાની કબુલાત કરેલ છે.

(૪) આરોપીની સ્વૈચ્છાપૂર્વકની ગુન્હાની કબુલાત ધ્યાને લેતા તેમજ પોલીસ પેપર્સ વંચાણે લેતા આરોપીએ સદરહુ ગુન્હો કરેલ છે તેમ હું ઠરાવુ છું અને આરોપીની આર્થીક અને સામાજીક પરિસ્થિતી ધ્યાને લેતા તેમજ

પ્રથમવાર ગુન્હો કરેલ હોય અને દયાની માંગણી કરતો હોય તે ઘ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>: હુકમ:</u>**

૧) આરોપીને ધી પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી) તથા એમ.વી.એકટ કલમ ૧૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૨,૧૦૦/- (અંકે રૂપિયા બે હજાર એકસો પુરા) નો દંડ અને દંડ ન ભરે તો વિકલ્પે ૩ દિવસની સાદી કેદની સજા ફરમાવું છું.

૨) મુદ્દામાલ વાહન અંગે અગાઉ થયેલ વચગાળાનો હુકમ આથી કાયમ કરવામાં આવે છે અન્યથા મુદ્દામાલ વાહનના દસ્તાવેજોની ખરાઈ કરી તેના મુળ માલીકને પરત કરવો.

હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી આજરોજ સ્પે.સીટીંગ /નેશનલ લોકઅદાલતમાં જાહેર કર્યો.

તા.૧૩/૧૨/૨૦૨૫
સ્થળ:- નવરંગપુરા, અમદાવાદ

(ડી.એમ.બાવીશી)
આઠમા એડી.ચીફ જયુડી.મેજી.
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા
UIC NO GJ 01380

જી.એસ. મકવાણા